રાજ્યમાં કોરોનાના નવા ૧૫૧૪ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૧૫ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૮૧૭૨૩૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૯૮૫૨૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૫

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. આજે રાજ્યમાં નવા ૧૫૧૪ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૫૩૫ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૯૮,૫૨૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૩૫ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૯,૬૬૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૧૦૭૧.૮૨ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૧,૭૨,૩૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૧,૦૬૪ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૦,૯૧૬ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૪૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪,૭૪૨ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૯૦ છે. જ્યારે ૧૪,૬૫૨ લોકો સ્ટેબલ છે. ૧,૯૮,૫૨૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૦૬૪ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૫ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૯, સુરત કોર્પોરેશન ૨, રાજકોટ -૨ અરવલ્લી અને રાજકોટ કોર્પોરેશનમાં ૧-૧ વ્યક્તિ સહિત કુલ ૧૫ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

ધાનેરામાં ગુજરાતના મુખ્યમંત્રીના આગમનને પગલે ધાનેરામાં તડામાર તૈયારીઓ શરૂ

ધાનેરા

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ૬ ડિસેમ્બરના રોજ ધાનેરા આવી રહ્યા છે જેને લઈ સ્થાનિક તંત્ર તેમજ બનાસકાંઠા જિલ્લાના તંત્ર દ્વારા સીએમના આગમનની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે જેમાં વિધુત બોર્ડ નગરપાલિકા સહિતની ટીમ દ્વારા વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે નગરપાલિકાની ટીમ દ્વારા ધાનેરાના જાહેર રસ્તા ઉપર સફાઈ તેમ જ ધ્યાનથી સીએમનો કાફલો પસાર થવાનો છે તે રસ્તા પર ની સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી છે બીજી તરફ સભાના સ્થળે મંડપની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે ધાનેરા નગરપાલિકા તેમજ ડીસા નગરપાલિકાના સફાઈ કામદારો દ્વારા ધાનેરામાં આજે સફાઈ કરવામાં આવી છે વિદ્યુત બોર્ડના કર્મચારીઓ દ્વારા પણ વિદ્યુત બોર્ડ ની વીજ લાઈન ક્લિયર કરવામાં આવી છે અને જે જગ્યા પર ખતરારૂપ વીજળી ડી પી તેમજ વીજ લાઈન હતી તેનું પણ સમારકામ હાથ ધરવામાં આવ્યું છે

કચ્છ જતી એમ્બ્યુલન્સ પલટી જતાં એક જ પરિવારનાં ૩ નાં મોત

અમદાવાદથી કચ્છ જઈ રહેલી એમ્બ્યુલન્સને અકસ્માત નડ્યો : જીવ બચાવતી એમ્બ્યુલન્સ મોતનું કારણ બની, અમદાવાદમાં દર્દીને ડિસ્ચાર્જ મળતા પરિવાર પરત વતન જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં કાળ ભરખી ગયો

હળવદ,તા.૫

અમદાવાદથી કચ્છ જઈ રહેલી એમ્બ્યુલન્સને અકસ્માત નડતા એક જ પરિવારના ૩ સભ્યોના મોત થયું હોવાની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં અન્ય બે લોકોને ઈજાએ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ હળવદના ધનાળા ગામના પાટિયા પાસે રાત્રે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ કચ્છ જતા એક પરિવારને આ ગોઝારો અકસ્માત નડ્યો હતો. મળતી માહિતા પ્રમાણે આ પરિવાર માંડવીના લયજા ગામના ગઢવી પરિવારના સભ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ માંડવીનો આ પરિવાર અમદાવાદમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીને ડિસ્ચાર્જ અપાતા ખાનગી એમ્બ્યુલન્સમાં પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે હળવદ ધનાળા ગામના પાટિયા પાસે પહોંચતા ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા એમ્બ્યુલન્સ પલ્ટી ખાઈ ગઈ હતી અને અકસ્માત સર્જાયો હતો. જેમાં પરિવારના ૩ સભ્યોના મોત થયા હતા. આમ જીવ બચાવતી એમ્બ્યુલન્સ જ મોતનું કારણ બની ગઈ. હળવદ નજીક સર્જાયેલા અકસ્માતમાં ગઢવી પરિવારના ૩ સભ્યોના મોત થયા છે. મળતી માહિતી પ્રમાણે રામભાઈ નારાયણભાઈ ગઢવી (૩૫ વર્ષ) અને ડ્રાઈવર પિન્ટુભાઈ (૨૭ વર્ષ)ને ઈજાઓ થતાં સારવાર માટે મોરબી ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી મૃતકોના ઓળખ અંગે તપાસ હાથ ધરી છે. વડનગરમાં સર્જાયેલા કરુણ અકસ્માતના પગલે વિસનગરમાં શોકનું મોજું ફેલાઈ ગયું હતું. જેમાં એક્ટિવા પર વડનગરથી પરત ફરી રહેલા ત્રણ યુવકોને લોખંડના સળિયા ભરેલી આઈશરે ટક્કર મારી હતી.

બ્લિસ સ્કૂલ નજીક બનેલી આ ઘટનામાં ત્રણેય યુવકોના સ્થળ પર જ મોત થયા હતા. મૃતકો વિસનગરના આથમણા વાસમાં રહેતા હોવાથી સમગ્ર વિસ્તાર શોકમય બન્યો હતો. હળવદના ધનાળા ગામના પાટિયા પાસે આજે રાત્રીના આશરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ કચ્છમાં જતા ગઢવી પરિવારને ગોઝારા અકસ્માત નડ્યો હતો જેમાં એક જ પરીવારના ત્રણ સ્વજનો મોતને ભેટયા હતા જયારે અન્ય બે ઈજાગ્રસ્ત થતા ૪સારવારમાં ખસેડવામાં આવ્યા છે. જે એમ્બ્યુલન્સ દર્દીના જીવનને બચાવવા માટે હોય છે તેને જ અકસ્માત નડી જતા એમ્બ્યુલન્સ મોતનું કારણ બની જતા માતમ છવાયો છે. બનાવની વિગત એવી છે કે મોરબી જિલ્લાના હળવદના ધનાળા ગામના પાટીયા પાસે મોડી રાત્રીના ૧૨.૩૦ વાગ્યાની આસપાસ ગોઝારો અકસ્માત સર્જાયો હતો જેમા એકજ પરીવારના ત્રણ સ્વજનોના મોત થતા અરેરાટી વ્યાપી ગઈ છે. જેમાં આ પરિવાર માંડવીના લયજા ગામના ગઢવી પરીવારના સભ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ પરિવાર અમદાવાદ હોસ્પિટલે સારવારમાં રહેલા દર્દીની તબિયત સુધરતા અમદાવાદ હોસ્પિટલેથી રજા લઈને ખાનગી એમ્બ્યુલન્સમા પોતાના ઘરે પરત જઈ રહ્યા હતા ત્યાં હળવદના ધનાળા ગામના પાટીયા પાસે પહોચતા ડ્રાઈવરે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી.

અરવલ્લી જિલ્લા ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં અને જિલ્લા ઉપપ્રમુખ શામળભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી હસમુખભાઈ પટેલ, શૈલેષભાઈ ભોઈ, ભિખાજી ઠાકોરની સહ ઉપસ્થીતિમાં જિલ્લાનું સુકાન સંભાળનાર ૮ (આઠ) ઉપ પ્રમુખો, ૮ (આઠ) મંત્રીઓ ૧ (એક) કોષાધ્યક્ષ અને અરવલ્લી જિલ્લાના ૮ (આઠ) મંડલ પ્રમુખ મહામંત્રીઓની જિલ્લા કાર્યાલય મોડાસા ખાતે પ્રથમ પરિચય બેઠક યોજાઈ હતી

આ પ્રસંગે ભાજપાની પ્રણાલી અને રાષ્ટ્રવાદિ પાર્ટીની રીતિ પ્રમાણે ભારતમાતાની પ્રતિકૃતિ આગળ દિપ પ્રાગટ્ય અને વંદેમાતરમ્ ગાન કરી બેઠક શરૂ કરવામાં આવી હતી.

ત્યારે ટુંકા સમયગાળામાં જિલ્લામાંથી બે હોદ્દેદારો સ્વ. ગજાનંદભાઈ પ્રજાપતિ, સ્વ. ધિમંતભાઈ પટેલ કોરોનામાં સદ્ગત થયા છે તેઓના માનમાં બે મીનિટ મૌન પાળી શાન્તિ પાઠ કરવામાં આવ્યો, ત્યારબાદ જિલ્લા સંગઠનના નવનિયુક્ત હોદ્દેદારો અને મંડલ પ્રમુખ અને મહામંત્રીઓ દ્વારા પરિચય આપવામાં આવ્યો હતો, ત્યારબાદ જિલ્લાના ત્રણ મહામંત્રીઓને ઝોન પ્રભારી તરીકે જવાબદારી આપવામાં આવી હતી. તેમાં બાયડ વિધાનસભામાં શૈલેષભાઈ ભોઈ, મોડાસા વિધાનભા ક્ષેત્રમાં ભીખાજી ઠાકોર, ભીલોડા વિધાનસભામાં હસમુખભાઈ પટેલની નિયુક્તી કરી અને વિશેષ જવાબદારી સોપવામા આવી હતી તેજ ફોરમમાં જિલ્લા ઉપપ્રમુખો અને મંત્રીઓને જવાબદારી સોપવામાં આવી હતી.

આગામી દિવસોમાં દરેક મંડલમાં યોજાનાર પ્રશિક્ષણ વર્ગના આયોજનની ચર્ચા કરવામાં આવી ત્યારે સંગઠનની વ્યુહાત્મક કાર્ય પ્રણાલી માટેની મંડલના તમામ મંડલ પ્રમુખ-મહામંત્રીઓને જિલ્લા પ્રમુખ દ્વારા ખાસ ચર્ચાઓ કરવામાં આવી હતી.

ઈફસમન દિલ્હીના સેક્રેટરી જનરલ પદે લક્ષ્મણ પટેલ

ગાંધીનગર, તા. ૫

ઈન્ડીયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ ન્યુઝ પેપરર્સ, નવી દિલ્હી, છેલ્લા ૩૫ વર્ષથી અખબારો અને ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર વચ્ચે સેતુ રૂપે કાર્ય કરતી સંસ્થા છે. જેમાં દરેક રાજ્યમાં રાજ્યકક્ષાની બોડી ધરાવે છે જે સંસ્થાના સભ્યો ભારત સરકાર તેમજ રાજ્ય સરકારોમાં વિવિધ કમિટીઓમાં સ્થાન મેળવે છે.

આ સંસ્થામાં રાષ્ટ્રીય પ્રમુખ તરીકે બી.જી. વિજય (કર્ણાટક) તેમજ રાષ્ટ્રીય મહામંત્રી તરીકે લક્ષ્મણ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. લક્ષ્મણ પટેલે અખબારી ક્ષેત્રે યાત્રા અભ્યાસ કાળથી શરૂ કરેલી છે જે આજે અનેક અખબારોના તંત્રી છે. જેઓએ ભારતભરના અખબારો તંત્રીઓનો વિશ્વાસ કેળવેલ હોવાથી ઈફસમનમાં સતત ત્રીજી ટર્મ માટે સેક્રેટરી જનરલ પદે સર્વાનુમતે ચૂંટાયેલ છે.

ભિલોડા-મુડેટી રોડ પર પલ્સર-૨૨૦ સ્લીપ થતા બાઈક ચાલક યુવકનું કમકમાટી ભર્યું મોત

ભિલોડા, તા. ૫

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકારી અકસ્માતની ઘટનાઓની હારમાળા સર્જી રહ્યા છે. ભિલોડા-મુડેટી રોડ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહેલ હાઈસ્પીડ બાઈક સ્લીપ થઈ રોડ નજીક ગરનાળા સાથે ભટકાતા બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બાઈક સવાર અન્ય યુવકના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો. અકસ્માતની ઘટનામાં વાંકનેર છાપરાના આશાસ્પદ યુવકનું મોત નિપજતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ભિલોડા પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ભિલોડાના વાંકાનેર છાપરા ગામનો ૨૧ વર્ષીય યુવક હિરેન ચંદુભાઈ બરંડા તેની પલ્સર-૨૨૦ બાઈક લઈ તેના મિત્ર રોનિશ ચેતનભાઈ ગામેતી સાથે કામકાજ અર્થે નીકળ્યો હતો હિરેને પલ્સર બાઈક મુડેટી રોડ પર આવેલી આશાપુરા હોટલની આગળ વળાંકમાં પુરઝડપે, બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારવાને કારણે મોટર સાયકલ સ્લીપ થઈ જતા રોડ નજીક ગરનાળા સાથે ભટકાવતા હિરેન અને રોનિશ પટકાતા બાઈક ચાલક હિરેનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. રોનિશના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલ લોકોએ રોનિશને સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો.

ભિલોડા પોલીસને અકસ્માતની ઘટનાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની યુવકની લાશને પીએમ માટે ખસેડી હતી. યુવકના મોતના પગલે પરિવારજનો અને સગા-સંબંધી અને મિત્ર વર્તુળ મોટી સંખ્યામાં પીએમ સ્થળે ઉમટ્યા હતા. ભિલોડા પોલીસે મૃતક બાઈક ચાલક યુવક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસકાંઠામાં કોરોનાના વધુ ૫૯ કેસ નોંધાયા

જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૬૩૦ એ પહોંચી

પાલનપુર,તા.૫

સરહદી બનાસકાંઠા જિલ્લામાંજ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ હજી સુધી જારી રહ્યો છે. ત્યારે શનિવારે કોરોનાના વધુ ૫૯ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૬૩૦ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોનાના વધુ ૫૯ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં પાલનપુર માં ૦૧, દાંતામાં ૦૨, વડગામમાં ૦૨, કાંકરેજ ૦૨, દિયોદર ૦૧, વાવ ૦૧, ભાભર ૦૨, ગાંધી લિંકનમાં ૨૪, બનાસ મેડિકલમાં ૨૦ અને આદર્શમાં ૦૨ તથા સંકલ્પમાં ૦૨ મળી કુલ ૫૯ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૧૪૬૯ સેમ્પલ માંથી ૫૯ કેસ પોઝેટિવ આવ્યા હતા.

અણીયાદ ક્લસ્ટરની શાળાઓમાં બાળકલક્ષી વ્યક્તિગત શિક્ષણની શરૂઆત

બાયડ, તા. ૫

વર્તમાન કોરોના મહામારીના સમયે શાળાઓ બંધ છે પરંતુ શિક્ષણ નહીં. તે અંતર્ગત શહેરા તાલુકામાં સી.આર.સી. કો.ઓર્ડીનેટર અણીયાદ ભુપેન્દ્રસિંહ સોલંકીના માર્ગદર્શન હેઠળ ક્લસ્ટરની અનિયાદ, બેઢા ફળીયા, ભવાની ફળીયા, બીડ ફળીયા, ગુવાલીયા, કવાલી, ખરેડિયા, લાલસરી, લક્ષ્મણપુરા, સિમલેટ વર્ગ કવાલી અને તીતા બારીઆના મુવાડા વગેરે તમામ પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા હોમ લર્નિંગ અંતર્ગત વિદ્યાર્થીઓના ઘરે જઈ તેમની શીખવાની ક્ષમતા મુજબ એકમને અનુરૂપ વ્યક્તિગત શિક્ષણ આપવામાં આવે છે. પ્રત્યેક બાળકોને તેમની વય અને કક્ષા મુજબ બાળકેન્દ્રી શિક્ષણ આપવામાં આવે છે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિનોદ પટેલ અને બી.આર.સી. કો.ઓર્ડીનેટર શહેરા ડૉ.કલ્પેશ આર. પરમારે ક્લસ્ટરની શાળાઓની મુલાકાત લઈ ચાલતા વર્ગોની સમીક્ષા કરી તમામ શિક્ષકો દ્વારા હોમ લર્નિંગ અંતર્ગત કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ નાના બાળકોને આપતા શિક્ષણને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

પાલનપુર પાલિકામાં સ્વ.અટલ બિહારી બાજપાઈની પ્રતિમા મુકાશે

પાલનપુર, તા.૫

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ખાતે પૂર્વ વડા પ્રધાન સ્વ.અટલબિહારી બાજપાઈની પ્રતિમા અંદાજીત રૂ.૩ લાખના ખર્ચે મુકવામાં આવશે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ની બોર્ડ પૂર્ણ થવાના આરે છે. ત્યારે પાલનપુર નગરપાલિકા દ્વારા દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી બાજપાઈ ની પ્રતિમાં રૂ.૩ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવી રહી છે. જે પાલિકાના મુખ્ય ગેટમાં મુકી તેનું અનાવરણ કરવામાં આવનાર હોવાનું પાલિકાના સુત્રોએ જણાવ્યુ હતુ.

સ્કીમોની ભરમાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉભરાઈ રહી છે. આ ત્રણેય વિસ્તારો કોમર્શિયલ હબ પણ બની રહ્યાં છે. ગાંધીનગરમાં સેક્ટર-૨૧, ઘ-૫ વિસ્તાર અને સેક્ટર-૧૧ ને બાદ કરતાં બાકીના સેક્ટરોમાં કોમર્શિયલ પ્રવૃત્તિ યથાવત છે પરંતુ ગુડા વિસ્તારના આ ત્રણ લોકેશન પર કોમર્શિયલ સાથે રેસિડેન્સિયલ પ્રવૃત્તિમાં તેજી આવી છે.

ગાંધીનગર વચ્ચેથી વહેતી સાબરમતીના કિનારે ઉભા થયેલા ફાયનાન્સિયલ હબ ગિફ્ટ સિટી વિસ્તારમાં અત્યારે સૌથી વધુ કોમર્શિયલ અને રેસિડેન્સિયલ સ્કીમો જોવા મળી રહી છે. આખા ગાંધીનગરમાં પ્રોપર્ટીના સૌથી વધુ ભાવ ગિફ્ટ સિટીની આજુબાજુની સ્કીમોના છે. મુંબઈની પ્રખ્યાત શોભા ડેવલપર્સે ગિફ્ટ સિટીમાં રેસિડેન્સિયલ પ્રોપર્ટીની સ્કીમ મૂકી છે જ્યાં બે બેડરૂમના ફ્લેટનો ભાવ એક કરોડ કરતાં વધુ જોવા મળે છે. શોભા ડ્રીમ હાઈટ્સમાં ૩૪૦ યુનિટ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં સ્કેર ફુટ પ્રમાણેની સાઈઝ છે.

ગુડા વિસ્તારમાં એપાર્ટમેન્ટની સ્કીમમાં પ્રતિ વાર ૩૦,૦૦૦ થી ૬૦,૦૦૦ રૂપિયા સુધીનો ભાવ જોવા મળી રહ્યો છે. જો કે ગાંધીનગરની મધ્યમાં વિવિધ સેક્ટરોમાં આવેલી સોસાયટીના રોડસાઈડ બંગલાનો ભાવ દોઢથી બે કરોડ રૂપિયા સુધી જોવા મળે છે. જૂની સોસાયટીઓમાં ૧૫૦ થી ૩૫૦ ચોરસમીટરના પ્લોટમાં હવે એપાર્ટમેન્ટ બની રહ્યાં છે. સેક્ટરોમાં સરકારી જમીન ઘટી જતાં બિલ્ડરો અને ડેવલપર્સની નજરમાં જૂના બંગલા અને ટેનામેન્ટ આવ્યાં છે જેને તોડીને એપાર્ટમેન્ટ બનાવવામાં આવી રહ્યાં છે. કોરોના સંક્રમણ વચ્ચે ગુડા વિસ્તારમાં હાલ ૫૦૦થી વધુ સ્કીમો ચાલી રહી છે.

સેફ્ટી બેરિયર્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી મેં મહીના સુધીમાં કાર્યયોજના પુર્ણ કરી દેવા માટે પણ આયોજન કરાયુ છે. ત્યારે હાલ માર્ગ નિર્માણની સાથે રોડ સેફટીને સ્પર્શતા સલામતીના પરિબળો તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. આ માર્ગના નિર્માણની સાથે રૂટમાં જે જગ્યાએ કામ પુર્ણ થઈ ગયુ હોય તેવા ઠેકાણે સેફટી મેટલ બેરિયર મુકવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જેથી માર્ગ પર પુરપાટ દોડતા વાહનોની વચ્ચે નાના પ્રાણીઓ આવી ન શકે. આ ઉપરાંત ગલી અને સાંકડા કાચા રસ્તા પરથી સીધુ જ કોઇ વાહન માર્ગ પર ન આવી શકે તે માટે સેફટી બેરિયર મુકવામાં આવી રહ્યા છે. હાલ નગરના જ માર્ગ પર આ મુજબ બેરિયર્સ લગાવાની કામગીરી ચાલી રહી છે. ગાંધીનગરમાં આમ પણ નિલગાયનો ત્રાસ વધુ છે. તેમાં પણ જ માર્ગ પર નિકગાયનુ પ્રમાણ વધુ છે. જેના લીધે અનેકવાર અકસ્માતો પણ થાય છે. જો કે અગાઉ પણ તંત્ર દ્વારા માર્ગની બન્ને બાજુ ફેન્સીંગ કરી દેવામાં આવી હતી તે મુજબ કોબા સર્કલથી એરપોર્ટ માર્ગ પર પણ ફેન્સીંગ લગાવામાં આવી છે. જો કે આ ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષીને બાકી હોય તેવા ભાગમાં સિકસલેનનુ કામ હાથ ધરવા સહીત સેફટી મેટલ બેરિયર લગાવામાં આવી રહ્યા છે. જેથી ટ્રાફિકની અવરજવર વધુ સલામત બનશે. હાલ જ માર્ગ પર કામ ચાલી રહ્યુ છે. તબક્કાવાર આગળ સરખેજ સુધીના રૂટમાં આ બેરિયર્સ લગાવાની કામગીરી પુર્ણ કરવામાં આવશે.

વાવણી ધીમી પડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચણાના વાવેતર વિસ્તારમાં પણ આ વખતે થોડોક વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં રવિ સીઝનના વાવેતર માટે ખેડૂતોમાં સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો કે દિવસનું તાપમાન સુકુ અને રાત્રિનું ઠંડીવાળુ વાતાવરણ રવિ પાકને સાનુકૂળ ગણવામાં આવી રહ્યુ છે. ઠંડીનો માહોલ થોડાક દિવસોમાં જામશે તેમ ખેડૂતોનું કહેવુ છે.

જિલ્લામાં રવિ સીઝનની વાવણી અત્યાર સુધીમાં ૫૦,૬૩૬ હેક્ટરમાં થઈ છે. જેમાં દહેગામ તાલુકામાં ૧૪,૪૩૬ હેક્ટર, ગાંધીનગરમાં ૧૪,૫૫૬ હેક્ટર, કલોલમાં ૬૦૫૧ હેક્ટર અને માણસામાં ૧૫,૫૯૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ વર્ષે બટાટાનું વિક્રમી વાવેતર થયુ છે. જિલ્લામાં અગાઉ ૮૩૫૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ હતુ જ્યારે આ વર્ષે તે વધીને અત્યાર સુધીમાં ૯૭૨૧ હેક્ટર પર પહોંચ્યુ છે.

ચણા અને તમાકુના વાવેતર વિસ્તારમાં પણ આ વર્ષે વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં તમાકુનું વાવેતર ૩૨૧૬ હેક્ટરમાં અને ચણાનું વાવેતર ૯૦૦ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર ૧૪,૨૦૬ હેક્ટરમાં સંપન્ન થયુ છે. આ વાવેતર વિસ્તાર હજુ વધશે. ખેતરો ઘઉંની વાવણી માટે હજુ તૈયાર કરવામાં આવી રહ્યાનું ખેડૂતોએ જણાવ્યુ છે.

જિલ્લામાં રાઈનું વાવેતર ૭૬૧ હેક્ટર વિસ્તારમાં, વરિયાળુનું વાવેતર ૯૮૧ હેક્ટર વિસ્તારમાં થયુ છે. જિલ્લામાં શાકભાજીના પાકોનું વાવેતર ૬૦૫૨ હેક્ટર વિસ્તારમાં થયુ છે. જો કે પશુધન માટે ઘાસચારાનું વાવેતર પણ ૧૪,૭૬૩ હેક્ટરમાં નોંધાયું છે.

મડાગાંઠ યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમાણે, સરકારે ખેડૂતોનું ન્યૂનતમ સમર્થન મૂલ્ય ચાલુ રાખવાની લેખિત ગેરેંટી આપવા અને કૃષિ બિલના જે પ્રોવિજન્સ પર ખેડૂતોને વાંધો છે, તેમાં સુધારો કરવા માટે પણ તૈયાર છે. પણ ખેડૂતો ત્રણ કાયદા પાછા લેવાની માગ પર અડગ છે.

કૃષિ કાયદાને પરત ખેંચવાની માંગ પર દેશના ખેડૂતો અડગ છે અને છેલ્લા ૧૦ દિવસથી દિલ્હી સરહદ નજીક વિરોધ કરી રહ્યા છે. ખેડૂત સંગઠનોના વિરોધને ધીરે ધીરે વધુ સમર્થન મળી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે પણ આ બાબતે ભારત સરકારને સલાહ આપી છે જ્યારે કેનેડાના વડાપ્રદાને ફરી વખત આંદોલનનું સમર્થન કર્યું છે છતાં ખેડૂતો અને સરકાર વચ્ચેની આજની પાંચમી બેઠકમાં પણ કોઈ પરિણામ આવી શક્યુ નહતું. ખેડૂતો ત્રણેય કાયદા પાછા ખેંચવાનો આગ્રહ રાખી રહ્યા છે જ્યારે સરકારે આ કાયદાઓમાં કેટલાક સુધારાની તૈયારી બતાવી છે.

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંઘ બાદલે પદ્મ વિભૂષણ સન્માન પરત કર્યું હતું જ્યારે ઢીંડસાએ પણ પદ્મ એવોર્ડ પરત કર્યો હતો. આ ઉપરાંત અનેક સાહિત્યકારોએ પણ પોતાના એવોર્ડ પરત કર્યા છે. દિલ્હીમાં આજે કેન્દ્ર સરકાર અને ખેડૂતો આગેવાનો વચ્ચે ૫મી બેઠક યોજાવાની છે. અગાઉની ચાર બેઠકમાં કોઈ જ નિષ્કર્ષ આવ્યો નથી.